ગુજરાત સરકાર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો નો વિભાગ

ગુજરાત રાજ્ય અન્ન આયોગ

બીજો વાર્ષિક અહેવાલ- ૨૦૧૮-૧૯

"અન્ન ભવન" ટાઉન હોલની બાજુમાં સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭

ફોન નંબર.(૦૭૯) ૨૩૨ ૫૮૪૮૩/૮૫

E-mail ID: sfc-gujarat@gujarat.gov.in Website:

https://foodcommission.gujarat.gov.in

ગુજરાત રાજ્ય અન્ન આયોગ

ગુજરાત રાજ્ય અન્ન આયોગ

"અન્ન ભવન" ટાઉન હોલની બાજુમાં સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭

ફોન નંબર.(૦૭૯) ૨૩૨ ૫૮૪૮૩/૮૫

E-mail ID: sfc-gujarat@gujarat.gov.in

Website: https://foodcommission.gujarat.gov.in

સંદેશ

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમિનિયમની કલમ-૧૬(૬)(એફ)ની જોગવાઇ મુજબ ગુજરાત રાજય અન્ન આયોગનો વાર્ષિક અહેવાલ આયોગે વિધાનસભામાં રજૂ કરવાનો હોય છે. તે અનુસાર ગુજરાત રાજય અન્ન આયોગનો વર્ષ ૨૦૧૮-૧૯નો દ્વિતીય વાર્ષિક અહેવાલ ગુજરાત વિધાનસભા સમક્ષ રજૂ કરતાં આનંદ અનુભવુ છું.

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબોને રાઇટ ટુ ફૂડ(RTF) મેળવવાના હકકનું સરકારી તંત્ર દ્વારા સુનિશ્રિત રીતે અમલ થાય તે માટે ખુબ જવાબદારી પૂર્વક કાર્યવાહી કરવા તેમજ રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩(NFSA) અન્વયે છેવાડાના નાગરિકને નિયત જથ્થામાં અને સમયસર અનાજ મળી રહે તે માટે આયોગ ખુબ આગ્રહી છે.

રાજયનો કોઇપણ નાગરીક ભુખ્યો ન રહે અને દૂર દૂરના વિસ્તારોમાં રહેતા નાગરીકોને પણ વ્યાજબીભાવના દુકાનદાર તરફથી અનાજનો જથ્થો પુરતા પ્રમાણમાં અને સમયસર મળી રહે તે માટે જિલ્લા વહીવટતંત્ર સાથે જરૂરી પગલા આયોગ દ્વારા લેવામાં આવ્યા છે.

આ ઉપરાંત મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોના બાળકો, આંગણવાડી કેન્દ્રોનાં બાળકો તથા ધાત્રી અને સગર્ભા મહિલાઓને નિયમિત રીતે સરકાર દ્વારા નિયત કરેલ મેનુ મુજબનું સારૂ ગુણવતા વાળુ અને પુરતુ ભોજન મળી રહે તે સારૂ ગુજરાત રાજય અન્ન આયોગ સતત પ્રયત્નશીલ છે.

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ (NFSA) નો ચુસ્તપણે અમલ થાય અને કોઇ વ્યકિત અનાજથી તથા આહારથી વંચિત ન રહી જાય તેનુ ચુસ્તપણે અમલીકરણ કરવા માટે ગુજરાત રાજય અન્ન આયોગ પ્રતિબધ્ધ છે.

તા. ૦૫/૧૨/૨૦૧૯

ગાંધીનગર

અમૃત પટેલ, આઇ.એ.એસ. (નિવૃત)
અધ્યક્ષશ્રી
ગુજરાત રાજય અન્ન આયોગ
ગાંધીનગર

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પાના નં.
૧	ગુજરાત રાજય અન્ન આયોગનો પરિચય	૧
૨	ગુજરાત રાજય અન્ન આયોગની કામગીરી	૫
૩	ગુજરાત રાજય અન્ન આયોગને બારોબાર મળેલ ફરિયાદોની વિગતો	૫
૪	ગુજરાત રાજય અન્ન આયોગની જિલ્લા કક્ષાએ મળેલ સમીક્ષા બેઠકોની વિગતો	૬
૫	ગુજરાત રાજય અન્ન આયોગની કચેરીમાં મળેલ બેઠકોની વિગતો	૭
૬	ગુજરાત રાજય અન્ન આયોગની વેબસાઇટ	૮
૭	ગુજરાત રાજય અન્ન આયોગનું બજેટ	૮
૮	માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ બાબત	૯
૯	જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારીશ્રીઓના ટેલીફોન નંબર, E-mail IDની વિગતો દર્શાવતું પત્રક-એનેક્ષર-૧	૧૦

ગુજરાત રાજ્ય અન્ન આયોગ

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ની અમલવારી થતા સદર કાયદાનાં લાભાર્થીઓને સરકારશ્રી દ્વારા નિયત કરેલ ભાવ પ્રમાણે, પૂરતા પ્રમાણમાં અનાજ મળી રહે અને કોઈ ગરીબ વ્યક્તિ અનાજથી વંચિત ન રહી જાય તથા મધ્યાહન ભોજન યોજના હેઠળ પ્રાથમિક શાળાના બાળકોને સરકારશ્રી દ્વારા નિયત કરેલ મેનુ મુજબનો આહાર મળી રહે તથા આંગણવાડી કેન્દ્રો પર બાળકોને તથા ધાત્રી અને સગર્ભા મહિલાઓને ગુણવત્તાયુક્ત અને પોષણક્ષમ આહાર મળી રહે અને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩નો સારી રીતે અમલ થાય તે માટે મોનીટરીંગ અને સમિક્ષા કરવા માટે તેમજ આ કાયદા હેઠળના લાભાર્થીઓને કાયદા અનુસાર મળવા પાત્ર અનાજ/આહાર તથા તેને આનુસંગીક ફરીયાદોના નિવારણ માટે જિલ્લા કક્ષાએ જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારીશ્રીના નિર્ણયથી અસંતૃષ્ઠ હોય તો અપીલ અથવા સીધી ફરીયાદ કરી શકાય તે માટે રાજ્ય કક્ષાએ ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્ય અન્ન આયોગની તા.૨૧/૦૩/૨૦૧૭ના જાહેરનામાં ક્રમાંક-GTH/2017/11/PDS/102016/1667/C1થી રચના કરવામાં આવેલ અને તા.૧૦/૦૫/૨૦૧૭ ના રોજ ગુજરાત રાજ્ય અન્ન આયોગના "અન્ન ભવન" ખાતે શુભારંભ થયેલ તથા લોકોને માનભેર જીવવા માટે પોષણક્ષમ ભાવથી ગુણવત્તાવાળું પૂરતું અન્ન મળી રહે તે માટે કાયદાની જોગવાઈઓ અને આયોગની કામગીરી સંદર્ભે રાજયનાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની ફરીયાદોના નિવારણ માટે જરૂરી માર્ગદર્શન આપવા માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનાં અધ્યક્ષસ્થાને અને માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલ, માન.મંત્રીશ્રી જયેશ રાદડીયા, અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, માનનીય સંસદીય સચિવશ્રી શામજીભાઇ ચૌહાણ, મુખ્યસચિવશ્રી તથા અધિક મુખ્ય સચિવશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં પરિસંવાદ કાર્યક્રમનું પણ ટાઉનહોલ, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવેલ.

ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચનાઃ-

- અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના તા.૧૩/૦૪/૨૦૧૭ તથા ૧૬/૦૪/૨૦૧૭નાં જાહેરનામાં ક્રમાંક- GTH/2017/12/PDS/102017/92282/C1 અન્વયે ગુજરાત રાજ્ય અન્ન આયોગના ચેરપર્સન, સભ્યશ્રીઓ તથા સભ્યસચિવશ્રીની નિયુક્તિ કરવામાં આવેલ. માનનીય ચેરપર્સનશ્રી ભુપેન્દ્ર લાખાવાલાની કાયદાથી નિયત થયેલ વય મર્યાદા પૂર્ણ થતાં તેઓ તા.૦૬/૪/૨૦૧૮થી નિવૃત થતા અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના તા.૧૦/૫/૨૦૧૮ જાહેરનામાં ક્રમાંકઃ-જીટીએચ/૨૦૧૮/૧૪/પીડીએસ/૧૦૨૦૧૮/૧૭૫/સી-૧ તથા તા.૧૪/૦૯/૨૦૧૮ના જાહેરનામાં ક્રમાંકઃ-જીટીએચ/૨૦૧૮/૨૫/પીડીએસ/૧૦૨૦૧૮/૧૭૫/સી-૧થી ઇન્ચાર્જ ચેરમેન તરીકે અનુક્રમે અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની તથા અગ્ર સચિવશ્રીની નિમણુંક થયેલ.
- ગુજરાત રાજ્ય અન્ન આયોગના માન.ચેરપર્સનશ્રી, માન.સભ્યસચિવશ્રી તથા માન.સભ્યશ્રીઓ ની વિગતો નીચે મુજબ છેઃ-

ક્રમ	નામ	હોદ્દો
૧	શ્રીમતિ સંગીતા સિંઘ, IAS, અગ્રસચિવ, (અ.ના.પુ.અને ગ્રા.બા.વિ.) (તા.૧૦-૫-૨૦૧૮ થી તા.૧૩-૯-૨૦૧૮સુધી)	ચેરપર્સન(ઈન્ચાર્જ)
	શ્રી કમલ દયાની, IAS, અગ્રસચિવ, (અ.ના.પુ.અને ગ્રા.બા.વિ.) (તા.૧૪-૯-૨૦૧૮ થી તા.૩૧-૩-૨૦૧૯	
૨	શ્રી એમ.એ.નરમાવાલા, IAS(નિ.)	સભ્યસચિવશ્રી
૩	શ્રી દિનેશ કારિયા	સભ્યશ્રી
૪	શ્રી નિરંજન ઝાંઝમેરા	સભ્યશ્રી
૫	શ્રી નીતિન શાહ	સભ્યશ્રી
૬	શ્રીમતી દર્શનાબેન દેશમુખ	સભ્યશ્રી
૭	શ્રીમતી વંદનાબેન મકવાણા	સભ્યશ્રી

- માન.અધ્યક્ષશ્રી, માન.સભ્યસચિવશ્રી અને માન.સભ્યશ્રીઓની નિયુક્તિની બોલીઓ અને શરતો અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગનાં તા.૧૮/૦૯/૨૦૧૭નાં જાહેરનામા ક્રમાંક- GTH/2017/23/PDS/102016/2572/C1 થી નક્કી કરવામાં આવેલ છે.

- ગુજરાત રાજય અન્ન આયોગની કચેરી માટે અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો ના વિભાગ દ્વારા મહેકમ મંજુર કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે:-

ક્રમ	હોદ્દો
૧	ઉપસચિવશ્રી
૨	સેકશન અધિકારી
૩	નાયબ સેકશન અધિકારી
૪	ઓફીસ આસિસ્ટન્ટ
૫	સબ-ઓડીટર

ગુજરાત રાજ્ય અન્ન આયોગની કામગીરી

અન્ન અને નાગરીક પુરવઠા વિભાગનાં તા.૨૧/૦૩/૨૦૧૭નાં જાહેરનામાંથી ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે સદર કાયદાના લાભાર્થીઓને પુરતા પ્રમાણમાં નિયત ભાવે રૂ. ૨/- પ્રતિ કિલો ઘઉ અને રૂ. ૩/- પ્રતિ કિલો ચોખા મળી રહે અને કોઇ ગરીબ વ્યક્તિ અનાજથી વંચિત ન રહી જાય અને કાયદાનો સારી રીતે અમલ થાય એ માટે મોનિટરીંગ અને સમિક્ષા કરવાની કામગીરી આયોગ દ્વારા હાથ ધરવામાં આવે છે. કાર્ડ હોલ્ડર નિયત ભાવે મળવાપાત્ર અનાજ ન મળવા બાબતે, ઓછું અનાજ મળવા બાબતે તથા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ અન્વયે લાભાર્થી તરીકે સમાવેશ ન કરવા બાબતની ફરીયાદ જિલ્લા કક્ષાએ જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારી તરીકે નિયુક્ત કરેલ જિલ્લા નિવાસી અધિક કલેકટરશ્રીને કરી શકે છે.

મધ્યાહન ભોજન યોજના અન્વયે સરકાર દ્વારા નિયત કરેલ મેનું મુજબનું સારૂ ગુણવતાવાળું અને પુરતુ ભોજન મળી રહે તે માટે તેમજ તેને લગતી ફરીયાદોનાં નિવારણ માટે જિલ્લા કક્ષાએ DGRO તરીકે શિક્ષણ વિભાગ દ્વારા નિવાસી અધિક કલેકટરશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે.

આંગણવાડી કેન્દ્રની યોજનાઓ અન્વયે સગર્ભા અને ધાત્રી મહિલાઓને તથા આંગણવાડીનાં બાળકોને સરકારશ્રીએ નિયત કરેલ પોષણક્ષમ આહાર મળવા અંગેની ફરીયાદોનાં નિવારણ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ DGRO તરીકે જિલ્લા પંચાયતના વર્ગ-૧ કક્ષાનાં અધિકારીશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે.

લાભાર્થીઓ DGROના નિર્ણયથી અસંતુષ્ઠ હોય તો તે સંદર્ભે રાજ્ય કક્ષાએ ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગરને અપીલ કરવાની જોગવાઇ કાયદામાં થયેલ છે. તદઉપરાંત ગુજરાત રાજ્ય અન્ન આયોગ તેને બારોબાર મળેલ ફરીયાદો અન્વયે સુઓ-મોટો કાર્યવાહી પણ કરી શકે છે.

******

ગુજરાત રાજ્ય અન્ન આયોગને બારોબાર મળેલ ફરિયાદોની વિગતો:-

આયોગને તા.૦૧/૦૪/૨૦૧૮ થી તા.૩૧/૩/૨૦૧૯ સુધીમાં લાભાર્થીઓ તરફથી અનાજ ન મળવા બાબતની તેમજ અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ હેઠળ લાભાર્થી તરીકે સમાવેશ ન કરવા બાબતની કુલ-૧૯૦ ફરીયાદો બારોબાર મળેલ હતી. જે ફરિયાદો અંગે જિલ્લા કક્ષાએ જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીશ્રી પાસેથી અહેવાલો મેળવવામાં આવેલ અને તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

ક્રમ	વિગત	સંખ્યા
૧	અનાજ ન મળવા બાબત.	૬૪
૨	અનાજ વેચાણમાં ગેરરીતિ	૪૯
૩	આંગણવાડી લગતી ફરીયાદ	૦૭
૪	મધ્યાહન ભોજન યોજનાને લગતી ફરીયાદ	૦૩
૫	રાશનકાર્ડમાં સમાવેશ કરવા બાબત	૬૭

ઉપરની તમામ ફરીયાદો સંબંધિત જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારીને જરૂરી કાર્યવાહી કરવા મોકલી આપેલ અને કરેલ કાર્યવાહી અંગેનો હીકકતલક્ષી અહેવાલ મેળવવામાં આવેલ. જે લાભાર્થીઓ અન્ન સલામતિ કાયદા હેઠળ સમાવવાની પાત્રતા ધરાવતા હતા અને સમાવેશ થયેલ ન હતો તેવા લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ. આંગણવાડી યોજના અંગેના લાભો પણ જે લાભાર્થીને મળવાપાત્ર હતા અને આપવામાં આવેલ ન હતા. તેઓને લાભો મળેલ છે. આમ આયોગને મળેલ અરજીઓનો હકારાત્મક નિકાલ થયેલ છે.

******

ગુજરાત રાજય અન્ન આયોગની જિલ્લા કક્ષાએ મળેલ સમીક્ષા બેઠકોની વિગતો:-

ક્રમ	જિલ્લા	તારીખ	રિમાકર્સ
૧	છોટાઉદેપુર	તા.૩૦/૦૬/૨૦૧૮	
૨	સુરત	તા.૦૬/૦૭/૨૦૧૮	
૩	નવસારી	તા.૦૭/૦૭/૨૦૧૮	
૪	ગાંધીનગર	તા.૧૧/૦૭/૨૦૧૮	

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે અમલીકરણના અનુસંધાને ગુજરાત રાજ્યના છોટાઉદેપુર, ગાંધીનગર, સુરત, નવસારી જિલ્લાઓમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩(NFSA) ની સમીક્ષા કરવા ગુજરાત રાજ્ય અન્ન આયોગના અધ્યક્ષશ્રી, સભ્ય સચિવશ્રી તથા સભ્યશ્રીઓ દ્વારા સમીક્ષા બેઠકો યોજવામાં આવેલ છે.

ઉક્ત બેઠકોમાં સંબંધિત જિલ્લા કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, નિવાસી અધિક કલેકટરશ્રીઓ(DGRO), જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ, નાયબ કલેકટરશ્રીઓ(મ.ભો.યો.), જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ, ઝોનલ ઓફીસરશ્રીઓ અને CDPOશ્રી ઓ હાજર રહ્યા હતા.

ઉક્ત બેઠકોમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩(NFSA) ની કામગીરી બાબતની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુંટુંબોને રાઇટ ટુ ફુડ(RTF) મેળવવાના હક્કનું સરકારી તંત્ર દ્વારા સુનિશ્ચિત રીતે અમલ થાય તે માટે ખૂબ જવાબદારી પૂર્વક કાર્યવાહી કરવા તેમજ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩(NFSA) અન્વયે છેવટના નાગરીકને નિયત જથ્થામાં અને સમયસર અનાજ મળી રહે અને રાજ્યનો કોઇપણ નાગરીક ભૂખ્યો ન રહે અને દૂર-દૂરના વિસ્તારોમાં રહેતા નાગરીકોને પણ દુકાનદારશ્રી તરફથી અનાજ નો જથ્થો પુરતા પ્રમાણમાં અને સમયસર મળી રહે તે જોવા સંબંધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને અનુરોધ કરવામાં આવ્યો.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩(NFSA) હેઠળ સમાવેશ કરવા બાબતેની પડતર અરજીઓ સંદર્ભેઉક્ત લાભાર્થીઓની યાદીમાં જે કુટુંબો યોગ્યતા ધરાવતા ન હોય તેમ છતાં તેઓનો સમાવેશ થયેલ હોય તો તેઓના કાર્ડ રદ કરવા અને જે કુટુંબો યોગ્યતા ધરાવતા હોય તેવા કુટુંબોનો સમાવેશ કરવા સુચના આપવામાં આવેલ છે.

જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત વાજબી ભાવની દુકાનો પર જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારી તથા ગુજરાત રાજ્ય અન્ન આયોગને ફરીયાદ કરી શકવા અંગેની જાણકારી લોકોને મળી રહે અને તેની બહોળી પ્રસિધ્ધી તથા પ્રચાર-પ્રસાર થાય તે માટે <u>તમામ વાજબી ભાવની દુકાનો, તમામ મામલતદાર કચેરીઓ, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો, કલેકટર કચેરીઓ, નગરપાલિકાઓ અને જનસુવિધા કેન્દ્રો પર સુચન કરતા બોર્ડ લગાડવા સુચના આપવામાં આવેલ .</u>

જાહેર વિતરણ વ્યવસ્થાને લગતી ફરીયાદોના જીલ્લા કક્ષાએ નિવારણ અંગે DGRO દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે આયોગને દરેક જિલ્લામાંથી માસિક રીપોર્ટ મોકલવા, તેમજ કોઇપણ વાજબી ભાવની દુકાન બિનજરૂરી ચાર્જમાં ન રહે અને ચાર્જમાં સોંપાયેલ દુકાન મૂળ દૂકાનથી દૂર ન હોય તેની ખાસ કાળજી રાખવા અને નવી ખોલવા પાત્ર હોય તેવી વાજબી ભાવની દુકાનોના જાહેરનામાં સત્વરે બહાર પાડી નવા પરવાનેદારોને સસ્તા અનાજની દુકાન ફાળવવા પણ સૂચના આપવામાં આવેલ.

મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોના બાળકોને તેમજ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને તથા ધાત્રી અને સગર્ભા મહિલાઓને નિયમિત રીતે સરકાર દ્વારા નિયત કરેલ મેનુ મુજબનું સારૂ ગુણવતા વાળુ અને પુરતુ ભોજન મળી રહે તે માટે તેમજ તેને લગતી ફરીયાદના નિવારણ માટે સક્ષમ અધિકારીશ્રીઓની માહિતી દર્શાવતું બોર્ડ તમામ મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રો ખાતે લગાવડાવા માટે પણ સુચના આપવામાં આવેલ.

******

ગુજરાત રાજ્ય અન્ન આયોગની કચેરીમાં મળેલ બેઠકોની વિગતો:-

ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગર ખાતે માનનીય અધ્યક્ષશ્રીના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ અન્વયે તેમજ આયોગની કચેરીની કામગીરી અંગે સમીક્ષા માટે તા.૩૦/૧૦/૨૦૧૮ તથા તા.૦૭/૦૮/૨૦૧૯ના રોજ બેઠકોનું આયોજન કરવામા આવેલ જેમાં તમામ સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા. જેમાં NFS Actના અમલીકરણની સમીક્ષા કરવામાં આવેલ.

******

ગુજરાત રાજ્ય અન્ન આયોગની કામગીરી અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે લીધેલ પગલા:-

કાર્ડધારકો તથા પ્રજાજનોને રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદામાં કરવામાં આવેલ ફરીયાદ નિવારણ મેકેનિઝમ અંગેની જોગવાઈ બાબતે વિશેષ જાણકારી મળી રહે તે માટે ફરીયાદ કરવા અંગેની માહિતીનો ફેલાવો કરવા માટે આયોગે તમામ અમલીકરણ અધિકારીઓને કલેકટર ઓફિસો, જિલ્લા/તાલુકા પંચાયત ઓફિસો, મામલતદાર ઓફિસો તેમજ અગત્યની જાહેર જગ્યાએ નિર્ધારીત ફોર્મેટમાં બોર્ડ/હોર્ડિંગ્સ અથવા ઓઈલ પેઈન્ટથી લખેલ સંદેશ મુકવાની સુચના આપી. આ ઉપરાંત લાભાર્થીઓને ફરીયાદ માટે વધુ જાણકારી મળી રહે તે માટે વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન રાજયના અગ્રણી વર્તમાનપત્રોમાં દર માસે આ અંગે જાહેરાતો આપવામાં આવી. ઉપરાંત એફ.એમ. રેડીયો મારફત પણ રેડીયો ઝિંગલ દ્વારા જાહેરાત આપવામાં આવી.

******

ગુજરાત રાજ્ય અન્ન આયોગની વેબસાઈટ:-

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ના સૂચારૂ અમલીકરણ માટે લાભાર્થીઓને તેમજ જાહેર જનતાને પણ જરૂરી માહીતી ઉપલબ્ધ થાય તે માટે સરકાર દ્વારા ગુજરાત રાજ્ય અન્ન આયોગની અદ્યતન વેબસાઈટ https://foodcommission.gujarat.gov.in/index.htm પણ ગુજરાતી અને અંગ્રેજી બંનેમાં ડેવલપ કરવામાં આવી છે. જેમાં ગુજરાત રાજ્ય અન્ન આયોગની પ્રવૃત્તિઓ,ઉદેશો, સભ્યશ્રીઓની યાદી, અપીલો, ફરિયાદો અને સુઓ-મોટો કેસોની આંકડાકીય માહિતી, કાયદા નિયમો, જાહેરનામા, સરકારી ઠરાવ, ચુકાદાઓ, અરજીપત્રકો, અંદાજપત્રની વિગતો, ટૂંકી પ્રશ્નોત્તરી, સંપર્ક અને મીડીયા જેવી વિગતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

******

ગુજરાત રાજ્ય અન્ન આયોગનું બજેટ:-

ગુજરાત રાજય અન્ન આયોગ વર્ષ-૨૦૧૮-૧૯ માં રૂ.૨૩૦.૦૦/- લાખની બજેટની જોગવાઈ કરેલ હતી. સુધારેલ અંદાજપત્રમાં રૂા.૧૮૪.૪૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ.

******

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ બાબત.

માહિતીનો અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ-૫(૧) તથા કલમ-૫(૨) અને કલમ-૧૯(૧)ની જોગવાઈ અન્વયે ગુજરાત રાજય અન્ન આયોગમાં એપલેટ અધિકારી તથા જાહેર માહિતી અધિકારી (પી.આઈ.ઓ) તરીકે નીચે મુજબના અધિકારીશ્રીઓની નિયુકિત કરવામા આવે છે.

(૧) **એપલેટ અધિકારી:-**

શ્રી એ.પી.ગઢવી

ઉપસચિવશ્રી, ગુજરાત રાજય અન્ન આયોગ

“અન્ન ભવન”, ટાઉન હોલની બાજુમાં સેકટર-૧૭, ગાંધીનગર.

ટેલિફોન નં. ૦૭૯-૨૩૨-૫૮૪૯૨

(૨) **જાહેર માહિતી અધિકારી (PIO):-**

શ્રી આઈ.યુ.નાયક

સેકશન અધિકારીશ્રી, ગુજરાત રાજય અન્ન આયોગ

“અન્ન ભવન”, ટાઉન હોલની બાજુમાં સેકટર-૧૭, ગાંધીનગર.

ટેલિફોન નં. ૦૭૯-૨૩૨-૫૮૪૯૦

એનેક્ષચર-૧

DGRO-RAC All District of Gujarat				
Sr. No.	DISTRICT	PHONE NO. (STD Code)	Mobile No.	E-mail
1	Ahmedabad	079-27551046	9978405173	collector-ahd@gujarat.gov.in
2	Amreli	0279-228903	9978405203	collector-amr@gujarat.gov.in
3	Anand	02692-262040	9978405175	collector-and@gujarat.gov.in
4	Arvalli	02774-250214	9727756393	collectoraravalli@gmail.com
5	Banaskanta	02742-252530 02742-254004	9978405176	collector-ban@gujarat.gov.in
6	Bharuch	02642-222332	9978405177	collector-bha@gujarat.gov.in
7	Bhavnagar	0278-2421881	9978405178	collector-bav@gujarat.gov.in
8	Botad	02849-271302	9824221009	collector-botad@gujarat.gov.in
9	Chhotaudepur	02669-233004	9878521965	collectorchhotaudepur@gmail.com
10	Dahod	02673-239234	9918405179	collector-dah@gujarat.gov.in
11	Dang	02631-220221	9099111333	collector-dan@gujarat.gov.in
12	Devbhumi-Dwarka	02833-232620 02833-232804	9727763794	collector-devbdwarka@gujarat.gov.in
13	Gandhinagar	079-23259035	9978405181	collector-gnr@gujarat.gov.in
14	Gir Somnath	02876-240003	9727756448	collectorgirsomnath@gmail.com collector-girsomnath@gujarat.gov.in
15	Jamnagar	0288-2550284	9978405342	collector-jam@gujarat.gov.in
16	Junagadh	0285-2636666	9978405211	collector-jun@gujarat.gov.in
17	Kachchh	02832-250650	9978405212	collector-kut@gujarat.gov.in
18	Kheda	0268-2553336	9978405597	collector-khe@gujarat.gov.in
19	Mahisagar	02674-250666	9727763950	collector-mah@gujarat.gov.in
20	Mehsana	02762-22203	9978405213	collector-meh@gujarat.gov.in
21	Morbi	02822-241602	9825268498	collector-morbi@gujarat.gov.in
22	Narmada	02640-222326	9978405188	collector-nar@gujarat.gov.in
23	Navsari	02637-246299	9978405187	collector-nav@gujarat.gov.in
24	Panchmahals	02672-242450	9978405189	collector-pan@gujarat.gov.in
25	Patan	02766-233400	9978405190	collector-pat@gujarat.gov.in
26	Porbandar	0286-2221085	9978405191	collector-por@gujarat.gov.in
27	Rajkot	0281-2476374	9978405218	collector-raj@gujarat.gov.in
28	Sabarkantha	02772-246012	9978405219	collector-sab@gujarat.gov.in
29	Surat	0261-2660011	9978405220	collector-sur@gujarat.gov.in
30	Suredranagar	02752-285200	9978405224	collector-srn@gujarat.gov.in
31	Tapi-Vyara	02626-224450	9978405415	collector-tapi@gujarat.gov.in
32	Vadodara	0265-2419700	9978405196	collector-vad@gujarat.gov.in
33	Valsad	02632-253731	9978405253	collector-val@gujarat.gov.in

----

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.